દાખલ તારીખ : ૨૯/૦૩/૨૦૧૯
નોંધ્યા તારીખ : ૨૯/૦૩/૨૦૧૯
ફેસલ તારીખ : ૦૬/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
૦૭– ૦૨– ૦૮

# એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં, મુ.રાધનપુર જી.પાટણ

ફોજદારી કેસ નં.૧૭૭/૨૦૧૯
**આંક–૩૧**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી : (૧) માજીતખાન સીદીકખાન રેહાનખાન બલોચ, ઉ.વ.૨૮,
(૨) તાલીમખાન અયુબખાન પિરખાન બલોચ, ઉ.વ.૨૦,
બંને રહે.નવા સેસણ, તા.દિયોદર, જી.બનાસકાંઠા

**ગુનો : ઇ.પી.કોડની કલમ–૨૭૯, ૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫,૬,૮ તથા પશુ ઘાતકીપણુ અટકાવવાના અધિકનિયમની કલમ–૧૧(ડી)(ઇ)(એફ)(એચ) મુજબ.**

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. કુ.ટી.એલ.કુરેશી
આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ.એ.ઘાંચી

---

## ઠરાવ

(૧)આ કામે ફરીયાદપક્ષ ના કેસ ની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૮/૧૦/૨૦૧૮ ના રોજ કલાક ૦૨:૦૦ વાગ્યાના સુમારે આરોપીઓએ પોતાનુ પીકઅપ ડાલા નં.જીજે ૨૩ ડબલ્યુ ૭૬૬૪ માં કોઇ ઘાસચારો તેમજ કોઇ પાસ પરમીટ વગર ભેસ જીવ નંગ–૨ ભરી પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી પશુઓ પ્રત્યે ઘાતકીપણુ દાખવી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી પકડાઇ જઇ આ કામના આરોપીઓએ ઇ.પી.કોડ ની કલમ ૨૭૯,૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમની કલમ–૫,૬,૮ તથા પશુ ઘાતકીપણુ અટકાવવાના અધિકનિયમની કલમ ૧૧(ડી)(ઇ)(એફ)(એચ)મુજબ નો ગુનો કરેલ હોવાના મતલબની ફરીયાદી અ.પો.કોન્સ.નરપતદાન પ્રભુદાન એ તા. ૧૮/૧૦/૨૦૧૮ ના રોજ રાધનપુર પોલીસ સ્ટેશન માં ફરીયાદ આપતા તે આધારે રાધનપુર પોલીસ સ્ટેશન સે. ગુ.ર. નં.૨૧૦/૨૦૧૮ થી ગુનો રજીસ્ટર્ડ થયા બાદ તપાસ

કરનાર અમલદારે જરૂરી તપાસ કરી આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ઇ.પી.કોડ ની કલમ ૨૭૯,૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૫,૬,૮ તથા પશુ ઘાતકી પણુ અટકાવવાના અધિકનિયમની કલમ–૧૧(ડી)(ઇ)(એફ)(એચ) મુજબના શિક્ષા પાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૨) આરોપીઓને પ્રોસેસ ની બજવણી થતા, આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસ ના પેપર્સ ની નકલો વિના મુલ્યે પુરી પાડી આરોપીઓની આંક ૦૬ તથા ૦૭ થી પ્લી લેતા, આરોપીઓએ ગુનાનો સ્વીકાર કરવાનો ઇન્કાર કરતા ફરીયાદપક્ષ નો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | નામ તથા વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી નરપતદાન પ્રભુદાન ની જુબાની | ૦૮ |
| ૨ | પંચ સાહેદ મનસુખભાઇ વેલાભાઇ પરમાર ની જુબાની | ૧૮ |
| ૩ | પંચ સાહેદ બાબુજી વેરશીજી ઠાકોર ની જુબાની | ૨૧ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૯ |
| ૨ | મુદદામાલ કબજે કર્યાનું પંચનામુ | ૧૯ |

(૪) આ કામે ત.ક.અમલદારને સમન્સ/વોરંટ બજવા છતા તેઓ કોર્ટમાં હાજર રહેતા ન હોય અને તેઓને ફરીયાદપક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય, જેથી મારા પૂરોગામી વિ.મેજીસ્ટ્રેટશ્રીએ ફરીયાદપક્ષનો પુરાવાનો હકક બંધ કરવાનો હુકમ આંક–૨૪ લગત તા.૨૧/૦૪/૨૫ ના રોજ કરેલ. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા ના

આધારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાતો હોય, આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષના પુરાવાને નકારી કાઢેલ છે અને વિશેષમાં આરોપી ઓ એ પોતે નિર્દોષ હોવાનું અને પોલીસે ખોટા ગુનામાં સંડોવીને ખોટુ ચાર્જશીટ દાખલ કરેલ હોવાનું જણાવેલ છે.

(પ) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી ની દલીલો સાંભળી આ મ ફરીયાદપક્ષ નો કેસ નિર્ણીત કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે.

## મુદદા

| | |
|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૮/૧૦/૨૦૧૮ ના રોજ કલાક ૦૨:૦૦ વાગ્યાના સુમારે આરોપીઓએ પોતાન। કબ્જા તથા હવાલા ના પીકઅપ ડાલા નં.જીજે ૨૩ ડબલ્યુ ૭૬૬૪ માં કોઈ પાણી કે ઘાસચારો નહી રાખી તેમજ કોઈ પાસ પરમીટ વગર ભેસ જીવ નંગ ૦૨ ભરી પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી પશુઓ પ્રત્યે ઘાતકીપણુ દાખવી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી પકડાઇ જઇ, આરોપીઓએ ઈ. પી.કોડ ની કલમ ૨૭૯,૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૫, ૬,૮તથા પશુ ઘાતકીપણુ અટકાવવાના અધિ નિયમ ની કલમ ૧૧(ડી)(ઈ)(એફ)(એચ) મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદદા અન્વયેના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકાર માં,

૨. આખરી હુકમ મુજબ.

## <u>કારણો</u>

**<u>મુદદા નં.૧</u>** :-

(૭)આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧** તરીકે ફરીયાદી નરપતદાન પ્રભુદાન ને આંક ૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, ગઇ તા. ૧૮/૧૦/૧૮ ના રોજ તેઓ તથા એ.એસ.આઇ. ભીમજીભાઇ તથા જશવંતસિંહ ની સાથે રાધનપુર ટાઉન માં નાઇટ પેટ્રોલીંગ માં હતા ત્યારે રાધનપુર મોટા ઠાકોરવાસ પાસે

આવતા ભીલોટ ત્રણ રસ્તા તરફ થી એક પીકઅપ ડાલુ આવતુ હતુ અને તેને ઉભુ રાખવાની કોષિશ કરેલી પરંતુ તે ફુલ સ્પીડે આવતુ હતુ અને ઉભુ રાખેલ નહી અને ત્યાં થી દુર ૨૦૦ મીટર અંતરે જઇ ગાડી ઉભી રખાવેલ અને તે પીકઅપ ડાલુ ચેક કરતા તેમાં બે ઇસમો આગળ બેઠેલા હતા અને તે ડાલા ના પાછળ ના ભાગે ભેસો જીવ નંગ–૨ ભરેલ હતી. તે ભેસો ના બાબતે પુછપરછ કરતા તેના કોઇ આધાર પુરાવા કે સાધનીક કાગળો તેની પાસે નહી હોવાનું જણાવેલ.ત્યારબાદ સાથેના એ.એસ.આઇ. ભીમજી ભાઇએ નજીક માં થી બે પંચોના માણસો બોલાવી હકીકત થી વાકેફ કરી સદર બંને ઇસમો ની અંગઝડતી કરેલ અને પીકઅપ ડાલામાં રહેલ બે ભેસો ભરેલ હોઇ પંચનામા ની વિગતે એ.એસ.આઇ. ભીમજીભાઇએ કલાક ૧:૧૫ થી ૨:૦૦ સુધીનું પંચનામુ કરેલ અને સદર ઇસમોના નામ પુછતા પ્રથમ ઇસમ પીકઅપ ડાલાના ચાલકે પોતાનુ નામ માજીતખાન સીદીકખાન બલોચ, રહે.સેસણ, તા.દિયોદરવાળો હોવાનું જણાવેલ અને બીજા ઇસમનુ નામઠામ પુછતા તેને પોતાનુ તાલીમખાન અયુબખાન બલોચ,રહે. સેસણ, તા.દિયોદરવાળો હોવાનું જણાવેલ અને સદર બંને ઇસમો ની અંગઝડતી કરતા તેમની પાસેથી એક એક મોબાઇલ મળી આવેલ. સદર પીકઅપ ડાલા માં પાણી કે ઘાસ ચારા ની વ્યવસ્થા ન હતી અને તે પીકઅપ ડાલાનો નં.જીજે ૨૩ ડબલ્યુ ૭૬૬૪ નો હતો. સદર બંને ઇસમો વિરૂધ્ધ કાયદેસર થવા સારુ તેઓએ રાધનપુર પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલી. જે ફરીયાદ ની ઝેરોક્ષ નકલ તેઓને બતાવવામાં આવતા તેમાં તેઓની સહી હોવાનું જણાવી તે ફરીયાદ આંક ૦૯ થી રજુ કરે છે. આરોપીઓને જોયેથી ઓળખી શકે જે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ હોવાનું જણાવેલ છે.

**જયારે** બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે, તેઓ બનાવ ના આગલા દિવસે ૨૩:૦૦ વાગે તેઓની ફરજ પર હાજર થયેલા. બનાવ સમયે રાત્રી અને અંધારુ હતુ. બનાવવાળી જગ્યા જાહેર રસ્તો છે અને ત્યાં માણસો અને વાહનોની અવર જવર ચાલુ હોય છે. ફરીયાદ આપતા અગાઉ ભેસો કોની માલીકીની છે તેનો કોઇ આધાર મેળવેલો નહી. બનાવ અગાઉ તેઓ આરોપીઓને ઓળખતા ન હતા. મોટા ઠાકોરવાસ પાસે રસ્તા ઉપર હેવી બમ્પ લગાવેલા છે અને આ બમ્પ ના કારણે વાહનો ધીમે ધીમે ચલાવવા પડે છે. પંચોના માણસો કોણ હતા તે તેઓ કહી શકે નહી. એ વાત તેઓને યાદ નથી કે બનાવ સમયે નવરાત્રીનો સમયગાળો હતો. આ સાહેદે આ સીવાય ની અન્ય હકીકતો નકારી કાઢેલ છે.

(૮) આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૨** તરીકે પંચ સાહેદ મનસુખભાઇ વેલાભાઇ પરમાર ને આંક ૧૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે,તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, આજથી પાંચ-છ વર્ષ અગાઉ તેઓ રાધનપુર પોલીસ સ્ટેશન ની બહાર ચા ની લારી ઉપર ઉભા હતા ત્યારે પોલીસે એક પંચનામામાં સહી કરાવેલી. તેઓની હાજરીમાં કોઇ ભેસ ભરેલ પીકઅપ ડાલુ તેમજ તેની અંદર બેઠેલ ઇસમોની સ્થીતિનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નહી. તેઓને પંચનામાની નકલ બતાવવામાં આવે છે જેમાં તેઓ ની સહી છે જે તેઓ ઓળખે છે જે પંચનામુ આંક ૧૯ થી રજુ કરે છે.સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી એ તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ માં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતાં કોઇ ફળદાયક હકીકત જણાવતા નથી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં પંચ સાહેદે જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સીવાયની કોઇ હકીકત તેઓ જાણતા નથી.

(૯)આ કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૩** તરીકે પંચ સાહેદ બાબુજી વેરશીજી ઠાકોર ને આંક ૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છે કે, આજ થી પાંચ-છ વર્ષ અગાઉ તેઓ રાધનપુર પોલીસ સ્ટેશનની બહાર ચા ની લારી ઉપર ઉભા હતા ત્યારે પોલીસે એક પંચનામામાં સહી કરાવેલી. તેઓની હાજરીમાં કોઇ ભેસ ભરેલ પીકઅપ ડાલુ તેમજ તેની અંદર બેઠેલ ઇસમોની સ્થીતિનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નહી. તેઓને આંક-૧૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ માં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવા છતાં કોઇ ફળદાયક હકીકત જણાવતા નથી.

જયારે બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં પંચ સાહેદે જણાવેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સીવાયની કોઇ હકીકત તેઓ જાણતા નથી.

(૧૦)આમ, ઉપરોકત હકીકતે ફરીયાદપક્ષ તરફે તપાસેલ સાહેદોની જુબાની ધ્યાને લેતા,આ કામે ફરીયાદપક્ષે આંક ૧૯ થી રજુ થયેલ મુદદામાલ કબજે કર્યાના પંચનામા ના પંચ સાહેદોએ તેમની આંક ૧૮ તથા આંક ૨૧ ની જુબાનીમાં તેઓની હાજરીમાં કોઇ ભેંસ ભરેલ પીકઅપ ડાલુ તેમજ તેની અંદર બેઠેલ ઇસમોની સ્થીતિનું પંચનામુ કરેલ નહી હોવાનુ તથા તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી તે સીવાય ની કોઇ હકીકત

તેઓ જાણતા નહી હોવાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષ પંચ સાહેદો ની જુબાની થી આંક ૧૯ વાળુ પંચનામું પુરવાર કરી શકેલ નથી તેમજ આ કામે ફરીયાદી ની જુબાની ધ્યાને લેતા, તેઓએ ફરીયાદ ની હકીકત સમર્થન કરેલ છે અને તેઓએ ઉલટ તપાસ માં બનાવવાળી જગ્યા જાહેર રસ્તો હોવાનું અને ત્યાં માણસો અને વાહનો ની અવર જવર ચાલુ હોવાનુ સ્વીકારેલ છે. આ કામના ત.ક.અમલદારને સમન્સ/વોરંટ બજી ગયેલ હોવા છતા તેઓ કોર્ટમાં હાજર રહેતા ન હોય અને ફરીયાદ પક્ષ તેમને હાજર રખાવવામાં નિષ્ફળ નીવડેલ હોય, જેથી ત.ક.અમલદારનો પુરાવો રેકર્ડ ઉપર નોંધી શકાયેલ નથી. ફરીયાદી જયારે બનાવવાળી જગ્યા જાહેર રસ્તો હોવાનું અને ત્યાં માણસો અને વાહનો ની અવર જવર ચાલુ હોવાનુ સ્વીકારતા હોય ત્યારે બનાવવાળી જગ્યા એ થી તટસ્થ સાહેદો મળી શકે તેમ હોવા છતા ચાર્જશીટ જોતાં તેવા કોઈ તટસ્થ સાહેદો ના નિવેદન નોંધવામાં આવેલ નથી કે તેમને આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી કે આ બાબતે ફરીયાદપક્ષ દવારા કોઇ ખુલાસો કરેલ નથી અને જે તટસ્થ સાહેદો કહી શકાય તેવા પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.તદ ઉપરાંત આક્ષેપિત બનાવમાં આરોપીઓ દ્વારા પશુઓ(ભેંસો)પ્રત્યયે ક્રુરતા આચરવામાં આવેલ હોય અને પોલીસ આથોરીટી દ્વારા તેની સારવાર કરાવવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત ફલીત કે પુરવાર થતી નથી આમ, પંચ સાહેદો આંક ૧૯ વાળા પંચનામા ને સમર્થન કરતા ન હોય અને ફરીયાદપક્ષ ત.ક. અમલદાર ને કોર્ટ માં હાજર રખાવવામાં નિષ્ફળ નીવડેલ હોય અને બનાવવાળી જગ્યાએ તટસ્થ સાહેદો મળી શકે તેમ હોવા છતા તેવા કોઇ તટસ્થ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષે નોંધેલ ન હોય ત્યારે એક માત્ર પોલીસ સાહેદ ફરીયાદીની જુબાની ઉપર આધાર રાખી આરોપીઓને ગુન્હા માં સાંકળી શકાય નહી. જેથી મુદદા નં.૧ નો જવાબ નકાર માં આપી ને મુદદા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧)આ કામના આરોપી નં.(૧) માજીતખાન સીદીકખાન રેહાનખાન બલોચ,ઉ.વ. ૨૮ (૨) તાલીમખાન અયુબખાન પિરખાન બલોચ, ઉ.વ.૨૦, બંને રહે.નવા સેસણ, તા. દિયોદર, જી.બનાસકાંઠાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૫૫(૧)અન્વયે ઈ.પી.કોડ ની કલમ ૨૭૯,૧૧૪ તથા પશુ સંરક્ષણ અધિનિયમની કલમ ૫,૬,૮ તથા

પશુ ઘાતકીપણુ અટકાવવાના અધિકનિયમની કલમ૧૧ (ડી)(ઇ)(એફ)(એચ)મુજબ ના શિક્ષા અને દંડને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરેલ મુદદામાલ વાહન નં.જીજે ૨૩ ડબલ્યુ ૭૬૬૪ અત્રેની કોર્ટે જાવક નં.૧૪૫૧/૨૦૧૮, તા.૧૪/૧૧/૨૦૧૮ થી વચગાળા ની કસ્ટડી એ પરત સોપેલ છે, જે હુકમ અપીલ સમય વિત્યા બાદ શરતો મુકત કાયમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરેલ મુદદામાલ ભેંસ જીવ નંગ–૨ કોર્ટ ઈન્કવાયરી સારુ રાખવા નો હુકમ કરવામાં આવે છે તથા તે સારુ સબંધિત ને નોટીસ કરવી.

(૪)આ કામે કબજે કરેલ મુદદામાલ મોબાઇલ ફોન પંચનામા તથા મુદદામાલ પાવતી મુજબ જે ઈસમ પાસે થી કબ્જે લીધેલ છે તેઓને માલીકીના પુરાવા લઇ અપીલ સમય વિત્યા બાદ પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપીઓના અગાઉના જામીનખત અપીલ સમય વિત્યા બાદ રદ ગણવા.

(૬) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ દરેક આરોપીએ અપીલ કોર્ટ માં હાજર રહેવા માટે રૂ.૫૦૦૦/– ના સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત જામીન છ માસના ગાળાના દિન–૭ માં આપવા.

હુકમ આજ તા.૬/૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૬/૬/૨૦૨૬
રાધનપુર

(દિલીપસિંહ માનસિંહ રાઠોડ)
એડી.ચીફ જયુ.મેજી., રાધનપુર
જીજે ૦૦૭૪૨

જી.એચ.ઓઝા,
(ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩)